# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com


**અખબારી યાદી** **તા. ૧૧-૧૨-૨૦૨૪**

- **વિકાસ પુરુષના દેશમા ૩૩ લાખ બાળકો કુપોષિત અને વિકાસ મોડલ ગુજરાત ટોપ ઉપર.**
- **કુપોષણથી થતા "સિકલ સેલ એનિમીયા" રોગથી પિડીતો વિશ્વમા સૌથી વધુ વિશ્વગુરુના દેશમા...**
- **ભાજપા સરકારના મંત્રી સંસદમા કહે છે,ભારતના ૩૯.૭ % બાળકો કુપોષિત છે, જે ભારત સરકાર માથે કાળુ કલંક છે.**
- **ભાજપા સરકાર ડ્રામા છોડીને ડેવલપમેન્ટમા ધ્યાન આપે**
- **દેશનુ ભવિષ્ય યોજનાના નામો બદલવાથી નહી શાસકો પોતાની માનસિકતા અને ઈરોદો બદલે...**

તત્કાલીન કોંગ્રેસની સરકારે દેશનુ ભાવી બાળકોના આરોગ્ય ઉપર આધારિત છે અને તે વખતની સરકારે અભ્યાસ અને તેના તરણોને લઈને મધ્યાહન ભોજન યોજના ગુજરાતમાં ૧૯૮૪ માં શરૂ કરવામાં આવી હતી...આ યોજનાના મુખ્ય ઉદ્દેશો જેવા કે

1. બાળકોને ગરમ રાંધેલું પૌષ્ટીક ભોજન આપવાથી બાળકોની પોષણની સ્થિતિ સુધારવા માટે.
2. શિક્ષણ વંચિત ગરીબ બાળકોને પ્રોત્સાહિત કરવા, ડ્રોપ આઉટ રેશિયોમાં ઘટાડો કરવો.
3. વર્ગખંડની પ્રવૃત્તિઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં મદદ કરવા,
4. બાળકોમા સામાજીક સમાનતાનો ભાવ ઉભો કરવા.

૨૦૧૪ પછી મોદી સરકારે કોંગ્રેસની મધ્યાહન ભોજન યોજનાનુ નામ બદલીને પીએમ પોષણ યોજના કર્યુ પણ રાજયમા કુપોષિત બાળકોની વધતી સંખ્યા ઉપર કોઈ ઠોસ કામ ન કર્યુ અને એટલે તેમા સતત વધારો થયો..
આજે વિશ્વમાં કુપોષણનો સામનો કરી રહેલા ૮૨ કરોડ લોકોમાંથી ૨૨ કરોડ લોકો ભારતમાં છે અને ભારતમાં ૩૩ લાખ બાળકો કુપોષિત છે તેમાં અડધાથી વધુ અતિ ગંભીર કુપોષિત છે, જેમા ડબલ એન્જીન ધરાવતુ ગુજરાત ટોચ પર છે.

૨૦૧૮ મા અન્નત્રિવેણી યોજના અંતર્ગત ૧૪ આદિજાતી જીલ્લામાં અભ્યાસ કરતા બાળકોના માતા-પિતાને અનાજ આપવાની અને દૂધ સંજીવની યોજના અંતર્ગત શાળાના બાળકોને દુધ આપવાની યોજના શરુ કરી પરંતુ રાજ્યમા કુપોષિત બાળકોની સંખ્યા વધી રહી છે.એ સ્પષ્ટ કરે છે આ યોજનાઓ માત્ર કાગળ ઉપર ચાલે છે,જનતા સામે માત્ર ડ્રામા થઈ રહ્યો છે.

નેશનલ ફેમિલી હેલ્થ સર્વે 5 (NFH5) મુજબ ભારતના સૌથી કુપોષિત જિલ્લાનો એક સર્વે મુજબ દેશમા કુલ અતિકુપોષિત ટોપ ૧૦ જિલ્લાઓમાં ગુજરાતના ૫ જીલ્લાઓ ડાંગ ૫૩.૧% ટકા અને દાહોદ ૫૩% સહિત,નર્મદા, પંચમહાલ અને તાપી છે. અને આ સુપોષિત ટોપ ૧૦ જીલ્લામા ગુજરાતનો એકપણ જિલ્લો આવ્યો નથી. આમ આ આદીવાસી જીલ્લાઓમા સરકારે કરેલા કામોનો કરુણતા ભરેલો વહીવટી હિસાબ છે. અને માર્ચ ૨૦૨૨માં સંસદમા

રજુ કરે મંત્રીશ્રી ઈરાનીએ નેશનલ ફેમિલી હેલ્થના સર્વે કહે છે ગુજરાત ૩૯.૭ ટકા બાળકોમાં સૌથી વધુ કુપોષિત છે, દેશમા ગુજરાત સૌથી ઉપર આવ્યું હતુ

ગુજરાત કોંગ્રેસના પ્રવકતાશ્રી મનહર પટેલની કેન્દ્ર અને રાજ્ય સરકાર સામે માંગ છે કે ગુજરાતમા આદિવાસી વિસ્તારના જીલ્લાઓમા કુપોષણથી થતા "સિકલ સેલ એનિમીયા" રોગથી પિડીત દર્દીઓ સૌથી વધુ સંખ્યા અને વધી પણ રહી છે, આ રોગ સામે લડવા માટે રાજ્ય કે કેન્દ્રની સરકારે આજ દિવસ સુધી કોઇ ઠોસ કાર્યક્રમ કે યોજના શરુ કરેલ નથી."સિકલ સેલ એનિમીયા"આ ખતરનાક રોગ છે,દેશની યુવાધનને નાશ કરનારો છે, ઘણીવાર બાળકને ગર્ભમાથી પણ મળે છે આ રોગથી પ્રભાવીત વિસ્તાર અને લોકો માટે નિયમિત લોક જાગૃતિ-નિદાન અને તેના ખોરાક ઉપર રાજ્ય સરકારે સતત નિરિક્ષણ કરીને લાબાગાળાની યોજના તૈયાર કરી તેને વહેલી તકે કાર્યાન્વિત કરવામા આવે.અને કોઇપણ સંજોગોમા "સિકલ સે અનિમીયા" ઉપર કાબુ મેળવવામા આવે.

મનહર પટેલ

મનહર પટેલ
પ્રવકતા, ગુજરાત કોંગ્રેસ